Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

## સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રથમ વર્ષમાં ઓનલાઈન પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટે અગત્યની સૂચના

- જે કોલેજ પ્રવેશ કાર્યવાહી અર્થે રાઉન્ડ પાડશે તે પ્રવેશાર્થીના ડેશ બોર્ડ પર દેખાશે આથી દરેક પ્રવેશાર્થીએ પોતાનું ડેશ બોર્ડ નિયમિત જોતા રહેવું. અને ડેશ બોર્ડમાં જે કોલેજમાં જે સમયગાળા દરમ્યાન હાજર રહેવાનું જણાવવામાં આવે તે સમયગાળા દરમ્યાન જ અચૂક હાજર રહેવુ ખુબ જ જરૂરી છે.
- ઉમેદવાર જે પસંદગીની કોલેજમાં પ્રવેશ મેળવવા માંગતા હોય તેમણે તે કોલેજ પર રૂબરૂમાં જઈ ઓરિજીનલ ડોકયુમેન્ટ વેરીફાઈ કરાવી પ્રવેશ મેળવી જે તે રાઉન્ડના નિયત સમયગાળા દરમ્યાન જ પોતાના ડેશ બોર્ડ માંથી ઓનલાઈન રૂા. ૧૦૦૦/– ટોકન ફી ભરી પ્રવેશ કન્ફર્મ કરાવી લેવાનો રહેશે.
- ઓનલાઈન રૂા. ૧૦૦૦/– ટોકન ફી ભરવા માટે આપના ડેશ બોર્ડમાં **Allotment Details** માં **Click for Payment** પર કલીક કરી પેમેન્ટ ની કાર્યવાહી ઓનલાઈન પેમેન્ટની કાર્યવાહી રાઉન્ડના સમયગાળા દરમ્યાન જ પૂર્ણ કરવાની રહેશે.
- ઓનલાઈન રૂા. ૧૦૦૦/– ટોકન ફી ભર્યા બાદ **Payment Reciept** ડાઉનલોડ કરી શકાશે તથા **Admission Letter** માં પણ રૂા. ૧૦૦૦/– ટકોન ફી ની વિગત જોઈ શકાશે.
- જે વિદ્યાર્થી રાઉન્ડના સમયગાળા દરમ્યાન ઓનલાઈન ટોકન ફી ભરસે નહિ તો તેનો પ્રવેશ કન્ફર્મ થશે નહિ જેની ખાસ નોંધ લેવી.
- એક વાર ઓનલાઈન ટોકન ફી ભર્યા બાદ પસંદગીની અન્ય કોલજમાં પ્રવેશ માટે જવાનું થાય તેવા સમયે ફરીથી ટોકન ફી ભરવાની થતી નથી.
- જો ઉમેદવારે એક કરતાં વધુ કોલેજોને પસંદગી આપી છે તેઓ કોલેજનાં પ્રવેશ માટેના જે રાઉન્ડમાં પ્રવેશ મળવા પાત્ર થશે તે રાઉન્ડમાં જુદીજુદી કોલેજોના રાઉન્ડ આવશે તેમજ ડેશ બોર્ડ પર દેખાશે. ડેશ બોર્ડમાં દર્શાવેલ સમય મર્યાદામાં પોતાની પસંદગીની કોઈ એક કોલેજમાં અવશ્ય પ્રવેશ કન્ફર્મ મેળવી લેવાનો રહેશે.
- ઉમેદવારે એક વાર પ્રવેશ મેળવ્યા બાદ તેની પસંદગીની બીજી કોલેજમાં પ્રવેશ મેળવવા પણ અગાઉની કોલેજમાં મેળવેલો પ્રવેશ રદ કરાવ્યા બાદ જ અન્ય કોલેજમાં પ્રવેશ મળશે. અગાઉની કોલેજમાં મળેલ પ્રવેશ રદ કરાવવા માટે વિદ્યાર્થી જે તે કોલેજમાં જવાનું નથી પરંતુ જે કોલેજમાં પ્રવેશ મેળવવા માગે છે ત્યાં જઈ પ્રવેશ રદ કરાવવાની પ્રક્રિયા કરવાની રહેશે. અગાઉની કોલેજ પર પ્રવેશ રદ કરાવવા જવાનું રહેશે નહિ. પ્રવેશ રદ કરવા માટે રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પર OTP આવશે. જે OTP જે તે કોલેજમાં પ્રવેશ મેળવવા માંગતા હોય ત્યાં આપવાનો રહેશે. ત્યારબાદ જૂની કોલેજનો પ્રવેશ રદ થશે અને નવી કોલેજમાં પ્રવેશ મેળવી શકશે. આ માટે રજીસ્ટ્રેશન સમયે આપેલ મોબાઈલ નંબર વાળો હેન્ડ સેટ સાથે અચુક રાખવો.

- જો ઉમેદવારને પસંદ કરેલી કોલેજમાં પ્રવેશ મળવાપાત્ર હોય અને સમયમર્યાદામાં પ્રવેશ કન્ફર્મ કરવા જરૂરી પ્રમાણપત્રોની નકલ જમા કરાવશો નહિ તો પ્રવેશ રદ થશે. જેની ગંભીરતાથી નોંધ લેશો.
- રાઉન્ડના સમયગાળા દરમ્યાન જ વિદ્યાર્થીઓએ કોલેજમાં જઈ પોતાનો પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે કોઈ પણ સંજોગોમાં રાઉન્ડનો સમયગાળો પૂર્ણ થયા બાદ બેઠકો ભરાય જાય તો પ્રવેશ ફાળવી શકાશે નહી.
- કોલેજોએ વિદ્યાર્થીઓના પ્રવેશ ફાઈનલ ન થાય ત્યાં સુધી ઓરીજનલ પ્રમાણપત્રો તથા ફી સ્વીકારશે નહી.
- વિદ્યાર્થીઓને ફાળવવામાં આવનાર પ્રવેશ પ્રોવિઝનલ ગણાશે, પ્રોવિઝનલ પ્રવેશ મેળવ્યા બાદ કોઈ પણ તબકકે વિદ્યાર્થીએ રજુ કરેલ દસ્તાવેજ (ડોકયુમેન્ટ) કે પ્રવેશ ફોર્મમાં ભરેલી વિગતો બાબતે અથવા તો પ્રવેશ માટેની નિર્ધારીત લાયકાતની પરિપૂર્ણતા અંગે કોઈ વિસંગતતા ઉભી થશે તેવા સંજોગોમાં પ્રવેશ રદ કરવા સહિતનો યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે.

ઈ.ચા.કુલસચિવ

ક્રમાંક:એકે./પ્રવેશ /૧૧૩૯૪/ ૨૦૨૨
તા. ૦૬/૦૬/૨૦૨૨